## એમ. કૉમ. (Fresh) સેમેસ્ટર-૧પરીક્ષા-નવેમ્બર ૨૦૧૮

## ગુજરાત યુનિવર્સિટી ઍક્સટર્નલ વિદ્યાર્થીઓ માટે અગત્યની સુચનાઓ

## પોસ્ટ ઑફિસ માટે અગત્યની સુચનાઓ

- નિયત ફી/લેઇટ ફી સાથે પરીક્ષા ફોર્મ સ્વિકારવાની છેલ્લી તારીખ ૨૭-૦૮-૨૦૧૮ છે.
- ફોર્મમાં નામ ટી. વાય. બી.કૉમ.ના ગુણ પત્રક મુજબજ લખવું.
- બી.કૉમ./બી.બી.એ. અભ્યાસ કરેલ હોય તો જ એમ.કૉમ.માં પ્રવેશ મળી શકશે.
- માત્ર ગુજરાત યુનિવર્સિટી અને માન્યતા પ્રાપ્ત અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીના ફોર્મ સ્વિકારવામાં આવશે.
- ફોર્મ સાથે નીચે મુજબના દસ્તાવેજો જોડવાના રહેશે. (ફોર્મ જમા કરાવતી વખતે તમામ અસલ દસ્તાવેજો ચકાસણી માટે સાથે રાખવા ફરજીયાત છે.)

  ૧) ટી.વાય.બી.કૉમ./બી.બી.એના ગુણપત્રકની સ્વ-પ્રમાણિત નકલ,

  ૨) ઑર્ડિ. ૧૭૪-ડી મુજબ જણાવેલી વ્યક્તિઓ પૈકી ગમે તે એક વ્યક્તિના જ સહી-સિક્કા પરીક્ષા ફોર્મમાં દર્શાવેલ સ્થળે તમારી સહી સાથેના તેમજ પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફ ઉપર કરાવવા. જો સહી-સિક્કા ન કરાવી શકાય તો તેની અવેજીમાં વિદ્યાર્થીએ પોતાના ફોટાની ઓળખ માટે નીચેની યાદીમાંથી કોઈ પણ એકની નકલ રજૂ કરવાની રહેશે. (ઈલેક્શન કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, પાસપોર્ટ, પાનકાર્ડ, આધાર કાર્ડ અથવા ફોટો-વાળી ધો. ૧૨ પરીક્ષાની રસીદની નકલ.)

  ૩) માત્ર ગુજરાત યુનિવર્સિટી અને માન્યતા પ્રાપ્ત અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીના ફોર્મ સ્વિકારવામાં આવશે. જે વિદ્યાર્થીઓ આવી અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે **અસલ** માઇગ્રેશન પ્રમાણપત્ર રજુ કરવું ફરજીયાત છે. જે વિદ્યાર્થીઓ અન્ય યુનિવર્સિટીમાંથી આવતા હોય તેમણે જે તે યુનિવર્સિટીમાંથી અસલ માઇગ્રેશન/ટ્રાન્સફર સર્ટિફિકેટ મેળવી ફોર્મની સાથે જ રજૂ કરવું જરૂરી છે. ત્યાર બાદ જ રજિસ્ટ્રેશન અંગે ઘટતી આગળની કાર્યવાહી થશે છે, જેની નોંધ લેશો.

  ૪) છેલ્લો અભ્યાસ કર્યા પછી, રજીસ્ટ્રેશન કરાવવાની તારીખ સુધીમાંજો એક વર્ષ કે તેથી વધુ સમય સુધી આગળ અભ્યાસ કરેલ ન હોય તો રૂા. ૨૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર **" આગળ અભ્યાસ કરેલ નથી"**તે બાબતનું સોગંદનામું રજુકરવુ.

- **ઉપરોક્ત દર્શાવેલ નિયમમાં કોઇ જ અપવાદ નથી તેની ખાસ નોંધ લેવી. આ મુજબ કર્યેથી જ સેમેસ્ટર ૧ની પરીક્ષા માટે નામ નોંધી શકાશે તેની નોંધ લેશો.**
- એમ.એ/એમ.કૉમ. સેમેસ્ટર-૧ માટે ફી

  ૧. ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે

  | | |
  |---|---|
  | ફોર્મ ફી | રૂા. ૫૦/- |
  | પરીક્ષા ફી, નોંધણી ફી, માર્કશીટ ફી સહિત | રૂા. ૯૦૦/- |
  | કુલ | રૂા. ૯૫૦/- |

  ૨. ગુજરાત યુનિવર્સિટી સીવાયના વિદ્યાર્થીઓ માટે

  | | |
  |---|---|
  | ફોર્મ ફી | રૂા. ૫૦/- |
  | પરીક્ષા ફી, નોંધણી ફી, માર્કશીટ ફી સહિત | રૂા. ૯૦૦/- |
  | એલીજીબ્લિટી ફી | રૂા. ૧૧૦/- |
  | કુલ | રૂા.૧૦૬૦/- |